અપીલ અરજી નં.૩૧૮ તા.૧૦–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મુકેશ હસમુખભાઈ પટેલ
સામાવાળાઃ– ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુકેશ હસમુખભાઈ પટેલની તા.૧૨–૧૧–૧૦ ની અરજીથી નોંધ નં.૦૧૮૩/૧ પૈકી ટેના નં.૧૬ડી–૧૯–૦૬૬૧–૦–૦૦૨ ઘરવેરામાં ચઢાવેલ નામ લાજવંતી કિશનમલ રાજયપાલ અને કબ્જેદાર તરીકે લાજવંતીબેન ટેકચંદ સિંધીનું નામ કયા દસ્તાવેજી પુરાવાના આધારે ચઢાવેલ છે તેની ઓન પેપર માહિતી અને નામના દસ્તાવેજી પુરાવા આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૦–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૮/૨૦૧૦–૧૧

શ્રી મુકેશ હસમુખભાઈ પટેલની તા.૧૨–૧૧–૧૦ ની અરજીથી નોંધ નં.૦૧૮૩/૧ પૈકી ટેના નં.૧૬ડી–૧૯–૦૬૬૧–૦–૦૦૨ ઘરવેરામાં ચઢાવેલ નામ લાજવંતી કિશનમલ રાજયપાલ અને કબ્જેદાર તરીકે લાજવંતીબેન ટેકચંદ સિંધીનું નામ કયા દસ્તાવેજી પુરાવાના આધારે ચઢાવેલ છે તેની ઓન પેપર માહિતી અને નામના દસ્તાવેજી પુરાવા આપવા બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૮૨ તા.૧૭–૧–૧૧ થી ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં અરજદારે જાહેર માહિતી અધિકારીએ તા.૨૧–૧૨–૧૦ ના રોજ જણાવેલ વિગત ફી ભરીને મળેવેલ છે કે કેમ? અને તે પછી શી વિગતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સ ેલ/૬૮૬ તા.૨૮–૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૫૯૭ તા.૨૧–૧૨–૧૦ ના પત્રની નકલ તથા સને ૨૦૦૮–૦૯ ના વેરા ભર્યા અંગેની રસીદની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૪–૧–૧૧ ના રોજ પૂરક વિગતોની રજૂઆત કરતો પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૨–૧૧–૧૦ ની અરજીથી નોંધ નં.૦૧૮૩/૧ પૈકી ટેના નં.૧૬ડી–૧૯–૦૬૬૧–૦–૦૦૨ ઘરવેરામાં ચઢાવેલ નામ લાજવંતી કિશનમલ રાજયપાલ અને કબ્જેદાર તરીકે લાજવંતીબેન ટેકચંદ સિંધીનું નામ કયા દસ્તાવેજી પુરાવાના આધારે ચઢાવેલ છે. તે અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૫૯૭ તા.૨૧–૧૨–૧૦ થી અરજદારને " અરજદારે માંગેલ ટેના નં.૧૬ડી–૧૯–૦૬૬૧–૦–૦૦૨ માં માંગેલ માહિતીની નકલ દીઠ રૂા.૨/– ફી ભર્યેથી માહિતી મળી શકશે તેવો પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારને નકલ નંગ–૫ ના રૂા.૨૦/– તા.૪–૧–૧૧ ના રોજ ભરપાઈ કરેલ છે અને માહિતી મેળવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૦–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે લાજવંતીબેન ટેકચંદ અને અન્ય ભાડુતનું નામ કયા દસ્તાવેજના આધારે દાખલ થયું તેની વિગતોની માંગણી કરેલ છે. વધુમાં અપીલ તબકકે અરજદારને પાઠવેલ પત્રમાં અરજદારે તેઓને મળેલી માહિતીમાં કટબુક, તુમાર અને ઘરવેરાના બીલની ઝેરોક્ષ મળેલ છે. તેવું જણાવેલ છે. આથી અરજદારને તુમારની માહિતી પૂરી પડાયેલ હોઈ તે કયા આધારે ચઢાવવામાં આવેલ હોઈ તેની વિગત મળ્યાનું અનુમાનિત છે. તેમ છતાં અરજદાર તરફથી મળેલી માહિતીની વિગતોની નકલ રજૂ કરેલ નથી કે જાહેર માહિતી અધિકારી તરફથી પણ તે અંગે કોઈ વિગતોની નકલો અત્રે રજૂ કરેલ નથી. વધુમાં અરજદારે કયા દસ્તાવેજી પુરાવાના આધારે નામ ચઢાવેલ તે મુજબની માહિતી માંગેલ હતી તે મળેલ નથી તેવું પૂરક વિગતોમાં જણાવેલ છે. આમ અરજદારને રજૂઆતને ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીએ અરજદરને નામ કયા આધારે ચઢાવ્યુ તેના સ્ટેટસની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે જે દસ્તાવેજોના આધારે નામ ચઢાવવામાં આવેલ હોય તેની માહિતી જરૂર જણાયે આરટીઆઈ એકટની કલમ–૧૧ મુજબની કાર્યવાહી કરી માહિતી પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે કયા દસ્તાવેજી પુરાવાના આધારે નામ ચઢાવેલ છે તેની નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જરૂર જણાયે આરટીઆઈ કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૧૫ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અગર કલમ–૧૧ હેઠળનો નિર્ણય જણાવવા ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારીના કલમ–૧૧ હેઠળ કોઈ નિર્ણય અરજદારને સૂચિત કરવામાં આવે અને તે સામે કોઈ નારાજગી હોય તો નિર્ણયની તારીખથી દિન–૩૦ માં અરજદાર અપીલમાં અત્રે રજૂઆત કરવા કલમ–૧૯(૧) હેઠળ સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મુકેશ હસમુખભાઈ પટેલ,